सत्यमेव जयते

**આંક–૦૫**
દાખલ તારીખ–૨૬/૦૨/૨૦૨૬
રજી. તારીખ – ૨૬/૦૨/૨૦૨૬
ફેસલ તારીખ –૦૯/૦૩/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૧૧

---

# દાહોદ જીલ્લાની એડિશ્નલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ક્રિમિનલ રીવીઝન અરજી નં.૨૧/૨૦૨૬**

દિનેશભાઈ લાલુભાઈ પલાસ

ઉ.વ.આ.૩૭, ધંધો–ખેતી,

રહે.અગાસવાણી, નિશાળ ફળિયું, તા.ધાનપુર, જી.દાહોદ.

**.....અરજદાર**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૩૮, ૪૪૦ અન્વયે રીવીઝન અરજી.**

---

**અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી એ.ડી.સોલંકી**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ**

---

**– ચુ કા દો –**

(૧) લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજી. નં.૧૧૮૨૧૦૩૫૨૫૧૨૦૭/૨૦૨૫ થી ગુજરાત પ્રોહી એક્ટની કલમ–૬૫ઈ, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬બી મુજબનો ગુનો નોંધાતા સદર ગુનામાં પોલીસે તપાસના કામે અરજદારની માલીકી કબજા ભોગવટાની મારુતી ઈક્કો ગાડી જેનો રજી.નં.જી.જે.૨૩.સી.એ.૨૮૭૧ નો જેનો ચેસીસ નં.MA3ERLF1S00612519 અને એન્જીન નં.G12BN590722 નો છે તે પરત મેળવવા અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ લીમખેડાના વિ. એડી. ચીફ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ ક્રિમીનલ પ્રા.(મુદ્દામાલ) અરજી નં.૪૦૬/૨૦૨૫ ની દાખલ કરેલી જે અરજી તેઓશ્રીએ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ છે તેનાથી નારાજ થઈને હાલના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ તથા ૪૪૦ અન્વયે આ રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની રીવીઝન અરજી વંચાણે લીધી. જેની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરેલ હકીકતો, ચુકાદાઓ તથા પુરાવાઓને ધ્યાને લીધા સિવાય તેમજ તેને નહી માનવાનું કોઈ કારણ આપ્યા સિવાય અરજદારની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે જે ખોટો, ભુલ ભરેલો, કુદરતી ન્યાય નીતિ તેમજ સિધ્ધાંતો વિરુદ્ધનો હોઈ રદ થવાને પાત્ર છે. ટ્રાયલ કોર્ટે કલમ–૯૮(૨) મુજબ અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરેલ હોય જેથી હુકમ રદ થવાને પાત્ર છે. ટ્રાયલ કોર્ટે અરજદારે તેમની સમક્ષ રજુ કરેલા માલીકીના દસ્તાવેજી પુરાવાને લક્ષમાં લીધેલા નથી. ટ્રાયલ કોર્ટે જોવું જોઈતું હતું કે મુદ્દામાલ અરજદારનું રોજીદા વપરાશ તથા આવનજાવન માટે જીવન જરુરીયાતનું એકમાત્ર સાધન હોવા છતાં તેમજ સદરહું મુદ્દામાલ વાહનના અરજદાર એકમાત્ર કલેઈમ કરનાર વ્યકિત હોવા છતાં તે હકીકતને ધ્યાને લીધેલ નથી. વધુમાં મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમાં સાચવવા માટે કોઈ વ્યવસ્થા નથી જેને કારણે વાહન ખુલ્લામાં લાંબો સમય પડી રહે તો તેના સ્પેર પાર્ટસ, બોડી તથા એન્જીન વિગેરેને નુકશાન થાય તેમ છે. આમ,

ટ્રાયલ કોર્ટનો હુકમ ખોટો, ભુલ ભરેલો અને ખોટું અનુમાન કરીને કરેલ હોઈ રીવીઝન અરજીમાં જણાવેલા જુદા જુદા કારણો ધ્યાને લઈ તેમજ મુદ્દામાલ વાહન અંગે અરજદાર સિવાય કોઈ કલેઈમ કરતા ન હોય ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ રદ કરીને રીવીઝન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) રીવીઝન અરજી સંબંધે બન્ને પક્ષના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી. અરજદારના વિ.વકીલશ્રી એ.ડી.સોલંકીનાએ ભારપૂર્વક જણાવેલ છે કે આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનના અરજદાર માલીક અને કબજેદાર છે અને વાહન પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી પડ્યુ રહે તો તેના સ્પેરપાર્ટ બગડી જાય તેમ છે વિગેરે હકીકતો જણાવી રીવીઝન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મારુતી સુઝુકી ઈક્કો ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારુની તથા બીયરની જુદી જુદી કુલ બોટલો નંગ-૧૦૬, કિંમત રુ.૪૬,૮૭૨/- નો પ્રોહી મુદ્દામાલ રાખી હેરફેર દરમ્યાન પોલીસ દ્વારા પકડાઈ ગયેલ છે. ટ્રાયલ કોર્ટે તેઓના હુકમમાં વિસ્તારપૂર્વક કારણો જણાવેલા છે. ગુજરાત સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા ઓર્ડીનન્સનું ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે અર્થઘટન કરેલું છે. ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે યોગ્ય છે વિગેરે હકીકતો જણાવી રીવીઝન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) ઉપરોક્ત હકીકતે તેમજ રજુઆતોને લક્ષમાં રાખી આ રીવીઝન અરજીના નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ - શું લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુના રજી. નં.૧૧૮૨૧૦૩૫૨૫૧૨૦૭/૨૦૨૫ થી ગુજરાત પ્રોહી એક્ટની કલમ-૬૫ઈ, ૮૧, ૮૩, ૯૮(૨),

૧૧૬બી મુજબના ગુનાના કામે મારુતી ઈક્કો ગાડી નં.જી.જે.૨૩.સી.એ.૨૮૭૧ ની પરત મેળવવા અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ રજુ કરેલ ક્રિમીનલ પરચુ. અરજી નં.૪૦૬/૨૦૨૫ ની તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે ગેરકાયદેસરનો, ભુલ ભરેલો અને અન્યાયી છે? અને તેમાં હસ્તક્ષેપ કરવાની જરુરીયાત છે ?

મુદ્દા નં.૨ – શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – નકારમાં.

મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ.

(૭) **– કારણો –**

**મુદ્દા નં.૧ –**

(૭.૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮, ૪૪૦ અન્વયેના રીવીઝનલ અદાલતના પાવર્સ ધ્યાને લેતા રીવીઝનલ અદાલતની સત્તાઓ ખુબ જ સિમીત અને મર્યાદિત છે. બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ અન્વયે ટ્રાયલ અદાલતના વાદગ્રસ્ત હુકમમાં સામાન્ય રીતે રીવીઝનલ અદાલતે હસ્તક્ષેપ કરવો જોઈએ નહી. જો ટ્રાયલ અદાલતનો હુકમ અયોગ્ય, અન્યાયી અને પરવર્શ જણાતો હોય તો શુધ્ધ ન્યાયના હેતુ સબબ આવા હુકમમાં દખલગીરી કરી શકાય.

અરજદારની રીવીઝન અરજી તેમજ તેના સમર્થનમાં રજુ કરેલ ટ્રાયલ કોર્ટ સમક્ષની મુદ્દામાલ પરત મેળવવાની અરજી તથા તે લગતના

હુકમની નકલ વંચાણે લેવામાં આવે તો સદર ગુનાના આરોપી સામે લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજી. નં.૧૧૮૨૧૦૩૫૨૫૧૨૦૭/૨૦૨૫ થી ગુજરાત પ્રોહી એક્ટની કલમ–૬૫ઈ, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬બી મુજબનો ગુનો નોંધાયેલો છે અને તે ગુનાના કામે અરજદારની માલીકી કબજા ભોગવટાનું વાહન મારુતી ઈક્કો ગાડી નં.જી.જે.૨૩.સી.એ.૨૮૭૧ ની મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવેલી છે. જે મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડી મેળવવા માટે અરજદારે ટ્રાયલ કોર્ટ સમક્ષ અરજી રજુ કરતા તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ હુકમ કરી લીમખેડાના વિ. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીએ નીચે જણાવ્યા મુજબના કારણોસર અરજી રદ કરેલ છે.

(૭.૨) લીમખેડાના વિ. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીએ અરજદારની મુદ્દામાલ વચગાળાની કસ્ટડી પરત મેળવવાની અરજી નામંજુર કરતો જે હુકમ કરેલ છે તેમાં મુખ્યત્વે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૯૮(૨) ની જોગવાઈ તથા તે સંબંધે ઘડવામાં આવેલ ગુજરાત પ્રોહીબીશન(લીકર સેમ્પલ એન્ડ ડીટર્મીનેશન ઓફ કોન્ટીટી શીઝ લીકર) રુલ્સ ૨૦૧૨ અન્વયેના તા.૦૮–૦૮–૨૦૧૨ ના નોટીફિકેશન ઉપર આધાર રાખી અરજી રદ કરેલ છે.

ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ ૧૯૪૯ ની કલમ–૯૮(૨) ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

૧. ------

૨. પેટા કલમ–૧ હેઠળ જપ્ત થવાને પાત્ર કોઈ ચીજ જેમાં મળી આવે તે વાસણ, દાગીનો અથવા બારદાન અને આવા પાત્ર, દાગીના અથવા બારદાનમાંની બીજી ચીજો, અને આવી કોઈ ચીજ લઈ જવા માટે વપરાયેલા પશુ, ગાડા, વહાણો અથવા બીજા વાહનો પણ તે જ રીતે કોર્ટના હુકમથી જપ્ત થવાને પાત્ર થશે. (પણ જપ્ત થયેલો દારુનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુક્ત કરી શકાશે નહી.)

(૭.૩) આમ, ઉપરોક્ત જોગવાઈ જોવામાં આવે તો નિયમોમાં ઠરાવવામાં આવે તેનાથી જપ્ત થયેલો દારુનો જથ્થો વધુ હોય ત્યારે વાહનને કોર્ટના આખરી ચુકાદા સુધી મુક્ત કરી શકાશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલી છે. આ અધિનિયમમાં આ મુજબનો સુધારો તા.૧૩/૧૨/૨૦૧૧ થી અમલમાં આવે તે રીતે કરવામાં આવેલો છે તેમજ તેના સાપેક્ષમાં ઘડવામાં આવેલા નિયમ અન્વયે જે નોટીફિકેશન બહાર પાડવામાં આવેલું છે તે તા.૦૮/૦૮/૨૦૧૨ ના રોજ પાડવામાં આવેલું છે તે અને તેમાં નક્કી કર્યા મુજબ આ અધિનિયમની કલમ–૯૮ માટે ૧૦ લીટરથી વધુ દારુનો જથ્થો ગણવાનો રહેશે તેમજ સરકારશ્રીના નોટીફિકેશન નં.GG/65/2019/VDR/ 10/2009/2061/E-1 તા.૦૨/૦૭/૨૦૧૯ ના રોજ જાહેરનામું પાડી દારુનો જથ્થો ૧૦ લીટર ગણવાનો રહેતો હતો તેમાં સુધારો કરી તેની મર્યાદા ૨૦ લીટરની મર્યાદા કરવામાં આવેલી છે. આમ, કાયદાકીય પરિસ્થિતિ જોતા જે વાહનમાંથી ૨૦ લીટરથી વધુ દારુનો જથ્થો મળી આવે તો તેવા વાહનની કોર્ટના આખરી ચુકાદા સુધી કસ્ટડી સોંપી શકાય નહી.

(૭.૪) આ કામના અરજદારે લીમખેડાના વિ. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ મુદ્દામાલ વાહન મારુતી ઈક્કો ગાડી નં.જી.જે.૨૩.સી.એ. ૨૮૭૧ નો કબજો પરત મેળવવા માટેની માંગણી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ તથા ૫૦૩ અન્વયે કરેલ જેને ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૯૮(૨) ની જોગવાઈઓને લક્ષમાં રાખી અરજી નામંજુર કરવામાં આવેલ છે. પરંતુ પ્રસ્તુત કેસની હકીકતો જોવામાં આવે તો લીમખેડા પોલીસ સ્ટાફના માણસો લીમખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મારુતી સુઝુકી ઈક્કો ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારુની તથા બીયરની જુદી જુદી કુલ બોટલો નંગ–૧૦૬, કિંમત રુ.૪૬,૮૭૨/– નો પ્રોહી મુદ્દામાલ રાખી હેરફેર દરમ્યાન પોલીસ દ્વારા પકડાઈ ગયેલ છે. આ કામે જે પ્રોહી જથ્થો છે તે નિયત માત્રા કરતા વધુ પ્રમાણમાં મળી આવે છે.

(૭.૫) ઉપરોક્ત જોગવાઈની સાપેક્ષમાં નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષના ખાસ **ફોજદારી પરચુ. અરજી નં.૮૫૨૧/૨૦૧૭, પરેશકુમાર જયકરભાઈ બહ્મભટ્ટ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો, નામદાર વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે નિયત માત્રા કરતા વધુ પ્રમાણમાં મળી આવેલ દારુના મુદ્દામાલના કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૧ તથા ૪૫૭ ની જોગવાઈ મુજબ મુદ્દામાલના વાહન પરત સોંપવાની સત્તા રહેતી નથી.

આ અધિનિયમની કલમ–૯૮(૨) ના પરંતુકમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, કોઈ પશુ, ગાડા, વહાણ અથવા બીજા સાધનનો માલિક કોર્ટને ખાત્રી કરાવી આપે કે ગુનો થતો અટકાવવા માટે તેણે યોગ્ય સંભાળ લીધી હતી, તો તેવા પશુ, ગાડા, વહાણ, વાહન અથવા બીજું સાધન સરકાર દાખલ કરવામાં આવશે નહીં.

(૭.૬) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમિનલ અપીલ નં.૧૫૪૭/૨૦૨૪ નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેના અરજદારે ગુજરાત પ્રોહીબીશન એક્ટ અન્વયે કબજે કરવામાં આવેલ વાહન પરત મેળવવા માટે નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષ ભારતીય બંધારણના આર્ટીકલ–૨૨૬/૨૨૭ અન્વયે સ્પેશ્યલ ફોજદારી પરચુ. અરજી દાખલ કરેલી જે નામંજુર કરવામાં આવેલી તેનાથી નારાજ થઈ નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ ક્રિમીનલ અપીલ દાખલ કરવામાં આવેલી છે.

(૭.૭) નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં ક્રિ.પ્રો.કો.ક.૪૫૧, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૯૮(૨) તથા ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૧૩૨ ની વિવિધ જોગવાઈઓનું અર્થઘટન કરી એવું ઠરાવેલ છે કે, અરજદારે મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી ભારતીય બંધારણ આર્ટીકલ–૨૨૬/૨૨૭ અન્વયે કરી શકે નહી, પરંતુ તેઓએ ક્રિ.પ્રો.કો.ક.૪૫૧ અન્વયે મુદ્દામાલનો વચગાળાનો કબજો પરત મેળવવા

માટે વિ. મેજીસ્ટ્રેટ સમક્ષ અરજી કરવાની જરુરત હતી. આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૧૩૨ ની વિવિધ જોગવાઈને ધ્યાને લઈ ઠરાવેલું છે કે, "મુદ્દામાલ કબજે લેનાર અધિકારી પાસે ત્રણ વિકલ્પ ઉપલબ્ધ છે જે પૈકી (૧) જો મુદ્દામાલની પુરાવાના કામે જરુરત જણાય તો તે મેજીસ્ટ્રેટ સમક્ષ મોકલી આપવાનો રહે છે. (૨) જો મુદ્દામાલની પુરાવાના કામે જરુરત ના હોય તો તેના સંપૂર્ણ અહેવાલ સાથે મુદ્દામાલ સરકાર ખાલસા કરવા માટેની કાર્યવાહી સારું કલેક્ટરશ્રીને મોકલી આપશે. (૩) જો મુદ્દામાલ સંબંધે કોઈ ગુનો બનતો ના હોય તો જેના પાસેથી તે કબજે લેવામાં આવ્યો હોય તેને પરત સોંપવાનો રહેશે.

નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમિનલ અપીલમાં આ મુદ્દામાલ હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટશ્રીને મોકલી આપવામાં આવેલો હતો કે કેમ? તે પ્રસ્થાપિત થતું ન હતું. જેથી ક્રિ.પ્રો.કો.ક.૪૫૧ અન્વયે મુદ્દામાલના કબજા સંબંધે કોઈ હુકમ કરી શકાય તેમ ના હોવાનું ઠરાવી અપીલ રદ કરવામાં આવેલ છે.

(૭.૮) પ્રસ્તુત કેસમાં અરજદારે તેઓની અરજી સાથે પોલીસ ઓફિસર દ્વારા આપવામાં આવેલ અભિપ્રાયની નકલ રજુ કરેલ છે જે મુજબ આ મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારુની હેરાફેરીમાં વપરાયેલ હોવાથી જો અરજદારને પરત સોંપવામાં આવશે તો તે ફરીથી આવા પ્રકારના ગુનામાં વપરાશે તેથી પરત ના સોંપવા અભિપ્રાય આપેલ. જે હકીકતને તેમજ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૯૮(૨) અને કલમ–૯૯ ની જોગવાઈને ધ્યાને રાખી વિ.જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીનાએ મુદ્દામાલનો વચગાળાનો કબજો અરજદારને સોંપી આપવાની અરજી રદ કરેલ છે. પ્રસ્તુત કેસમાં પણ સમગ્ર રેકર્ડ વંચાણે લેવામાં આવે તો આ મુદ્દામાલ કબજે લેનાર પોલીસ અધિકારીશ્રીએ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૧૩૨ અન્વયે મુદ્દામાલનો કબજો મેજીસ્ટ્રેટને સોંપી આપેલ હોય તેવો કોઈ રીપોર્ટ મળી

આવતો નથી. આ ચુકાદા મુજબ મુદ્દામાલની પુરાવાના કામે જરુરત હોત તો તેવા સંજોગોમાં તે વિ. જ્યુડી. મેજીસ્ટ્રેટને મોકલી આપવાનો રહે છે.

પ્રસ્તુત કેસમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલની પુરાવાના હેતુથી જરુરત હોય અને તે કારણોસર તે જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીને મોકલી આપવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપરથી મળી આવતું નથી. આમ, મુદ્દામાલ કબજે લેનાર પોલીસ અધિકારીશ્રીએ આ મુદ્દામાલ ઉપરોક્ત જોગવાઈ અન્વયે વિ. જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીને મોકલી આપેલાનું જણાતું નથી અને તે સંજોગોમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયેનો કોઈ હુકમ કરવાની સત્તા રહેતી ના હોય **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

- અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવામાં આવે છે.
- હુકમ આજ તા.૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
CODE NO. GJ00533

R.B.SOLANKI